# ગુજરાતના વ્હાલા નાગરિકોને નમ્ર અપીલ

**મારા પ્રિય નાગરિક ભાઇઓ અને બહેનો,**

ગુજરાતમાં થોડાક સમયથી વિવિધ જ્ઞાતિ-સમાજો આંદોલન ચલાવી રહ્યા છે અને આવેદનપત્રો દ્વારા રજૂઆતો કરી રહ્યા છે.

અનામત આંદોલનોને કારણે ભૂતકાળમાં ગુજરાતને જે સહન કરવું પડયું છે તેનો આપણને સૌને અનુભવ છે જ અને તે સમયની ગુજરાતની સ્થિતિ આપણે બધાએ જોયેલી પણ છે. છેલ્લા ૧૪ વર્ષના અથાક પરિશ્રમથી અને આપ સૌના સહયોગથી ગુજરાત આજે મોડેલ રાજ્ય બન્યું છે. સાડા છ કરોડ ગુજરાતીઓ દેશ અને દુનિયામાં તેના શાણપણ, સૌજન્ય અને વિવેક માટે સૌના આદરને પાત્ર બનેલા છે. આજે પણ વિકાસની ગતિશીલતા માટે ગુજરાતનું દ્રષ્ટાંત આપવામાં આવે છે.

રાષ્ટ્ર માટે પ્રેરણાના સ્ત્રોત બનેલા સરદાર સાહેબ તો સૌની એકતા ઇચ્છતા હતા. નાત-જાત કે જ્ઞાતિના ભેદભાવ મિટાવી એક જૂથ થઇ સૌનો વિકાસ થાય, સૌની પ્રગતિ થાય. ભારત શકિતશાળી રાષ્ટ્ર બને તેવી તેમની મહેચ્છા હતી. સરદાર પટેલે રાજકીય કૂનેહ અને લોખંડી મનોબળથી દેશને એકતા અને અખંડિતતા આપી.

આ આંદોલન સરદાર સાહેબના વિચારોના માર્ગે છે ખરૂં? જરા વિચારીએ...

ગુજરાતમાં વસતા સર્વ નાગરિકો કોઇપણ જ્ઞાતિ-જાતિ, વર્ગના ભેદભાવ વગર, પોતાના સમાજ-સામર્થ્યથી વિકાસ માટે પ્રતિબદ્ધતાથી યોગદાન આપતા આવ્યા છે. રાજ્ય સરકાર, આ બધા સમાજોની ભાગીદારીને જ ગુજરાતના વિકાસના સાક્ષાત્કાર માને છે.

આ સંદર્ભમાં અનામતના આંદોલનોથી જે વિવાદનો વંટોળ ઉઠયો છે તેના પડઘા વિવિધ સ્તરે સમાજજીવન ઉપર પડયા છે. જેનાથી અજંપાભરી સ્થિતિ સર્જાઇ છે.

અનામત આંદોલન સંદર્ભે આપણે ચર્ચા અને મંત્રણા થકી સમાધાન શોધી શકીએ છીએ. રાજ્ય સરકારે સાત સિનીયર પ્રધાનોની એક સમિતિની રચના કરી છે અને સમિતિ સમક્ષ અને પાટીદાર સહિતની અન્ય જ્ઞાતિઓને પણ આપણે મંત્રણા માટે આમંત્રણ આપેલું છે. ચર્ચા-વિચારણા ચાલે છે અને તેમાંથી જ ઉકેલ આવશે તેમ હું માનું છું.

આંદોલન કે શકિતપ્રદર્શનનું માધ્યમ કેટલાક આત્યંતિક માનસ માટે અહંમ બની શકે. પરંતુ ગુજરાત જેવા શાણપણ અને વિવેક ધરાવતા સમાજ માટે, ગુજરાતના ભવિષ્ય માટે નકારાત્મક અને નુકશાનકર્તા બની રહેશે એમ હું સમજું છું અને ગુજરાતની પ્રગતિ તથા વિકાસ અને સમાજ માટે હિતચિંતક સહુ આ વાત સ્વીકારશે જ એવો મને દ્રઢ વિશ્વાસ છે.

અનામત આંદોલનની માનસિકતા પાછળ આપણા યુવાનો, તરૂણ સંતાનો અને ભાવિ પેઢીના ભવિષ્યની ચિંતા છે અને એ સ્વાભાવિક પણ છે. અનામતની જોગવાઇથી ઉચ્ચ શિક્ષણોમાં પ્રવેશ અને નોકરીઓ અંગે પડતી અસરો વિશે અન્ય વૈકલ્પિક ઉપાયોથી નિરાકરણ આવી શકે તેમ છે અને રાજ્ય સરકાર આ માટે સકારાત્મક રીતે બધા જ્ઞાતિ-સમાજના સૂચનોને રચનાત્મક ગણીને યોગ્ય કરવા તૈયાર છે.

છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતે ઔદ્યોગિક, કૃષિ અને સેવાના ક્ષેત્રે જે પ્રગતિ કરી છે તેની નોંધ ભારત દેશના અન્ય રાજ્યો અને વિદેશના શાસકો લઇ રહ્યા છે. વૈશ્વિક સંસ્થાઓએ ગુજરાતની વિકાસની દિશા અને પ્રગતિની પ્રસંશા કરી છે. ગુજરાતે આ વર્ષોમાં તેની ઉત્કૃષ્ઠ કામગીરી પેટે ૩૫૦થી વધુ એવોર્ડ મેળવ્યા છે. વિકાસના ફળ આપણને મળી રહ્યા છે.

તાજેતરમાં રાજ્યમાં અતિ ભારે વરસાદને કારણે ખેડૂત વર્ગને જે નુકશાન થયું છે તેમાં સહાયરૂપ થવા આ સરકાર તેની બધી જ શકિત કામે લગાડીને તેમની તકલીફ દૂર કરવામાં જયારે ખડેપગે છે ત્યારે આવા આંદોલનથી સરકારનું ધ્યાન બીજે દોરાય તે શું હિતાવહ છે ખરૂં?

**આપણા બંધારણની જોગવાઇઓ અને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ-જજમેન્ટને આધારે એસ.સી./એસ.ટી. અને ઓ.બી.સી.ની અનામત ટકાવારીમાં આપણે કોઇ જ ફેરફાર કરવા માંગતા નથી અને ૫૦ ટકાથી વધારે અનામત કોર્ટના ચુકાદાઓના કારણે આપી શકવાના નથી.**

જુદા જુદા રાજયોએ જે તે સમયે બંધારણ અને કોર્ટના ચુકાદાઓથી વિરૂદ્ધ અનામત આપી ત્યારે અદાલતોએ તે રદ કરી છે. આપણે એવું કરવા માંગતા નથી અને ઠાલા વચનો આપવામાં આપની આ સરકાર નથી માનતી.

આમ, નકારાત્મક આંદોલન કોઇપણ વર્ગ, સમાજ કે સરકાર માટે હિતાવહ નથી જ નથી. ઇતિહાસ તેનો સાક્ષી છે. ભૂતકાળના આંદોલનોએ ગરીબ પરિવારો, સામાન્ય માનવીની રોજી-રોટી છીનવી છે, હિંસા અને તનાવ, અર્થતંત્ર ઉપર વિપરીત અસરો કરે છે. આ સમય વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાનો પણ છે. વળી, આવાં આંદોલનોનો દોર સમાજવિરોધી તત્વોના હાથમાં કયારે જતો રહે છે અને સમાજના હિત માટે સક્રિય બનેલાને કેવું બદનામ થવું પડે છે તેનો ભૂતકાળ પણ ભૂલાય એવો નથી.

નોકરી અને શિક્ષણક્ષેત્ર માટેની સમસ્યાઓનો સરળ અને સીધો ઉકેલ, સ્થાયી નિરાકરણ માત્ર ને માત્ર વિકાસની નવી ઊંચાઇઓમાં જ છે. પ્રગતિશીલ સમાજો આ સમજે છે.

મને આપ સૌ સુજ્ઞજનોના સૌજન્ય, શાણપણ અને વિવેક ઉપર પૂરો ભરોસો છે એટલે જ આપને આ જાહેર અપીલ કરું છું. આંદોલનોને હવે બંધ કરીને રાજ્યના વિકાસમાં જોડાઇએ.

**આપની**

આનંદીબેન પટેલ

**આનંદીબેન પટેલ**
(મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)

**"સૌનો સાથ... સૌનો વિકાસ"**

Visit http://www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official www.twitter.com/infogujarat



# અમરેલી સીટી સ્પેશ્યલ





### અમરેલી જિલ્લા પાટિદાર અનામત આંદોલન સમિતીના નેજા હેઠળ

# જિલ્લાનાં દરેક તાલુકામાંથી ૪૫૦ વાહનો ભરી પાટીદારો રેલીમાં જશે

**અમરેલી,બાબરા, ધારી, બગસરા, ખાંભા, વડીયા, કુંકાવાવ, સાવરકુંડલા, લાઠી, લીલીયા, દામનગર સહિતના નગરો તથા ગ્રામ્ય વિસ્તારમાંથી પાટીદારો તા.૨૪ની રાતથી જ અમદાવાદમાં ધામા નાખશે**

**સુરત, અમદાવાદના ૬૦,૦૦૦ સ્વયંસેવકો દ્વારા પાટીદારોના મોભાને છાજે તેવી મહેમાનગતીની વ્યવસ્થાઓ : પુરી-શાકથી લઇને કાજુ-દ્રાક્ષનો શીરો,ગુંદી, ગાઠીયાના ફુડ પેકેટની પણ વ્યવસ્થા**

અમરેલી,અમરેલી જિલ્લા પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનરશ્રી દિનેશભાઇ બાંભરોલીયા , ભરતભાઇ હપાણી તથા હરેશ બાવશીના માગદર્શન હેઠળ અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાંથી ૧૩૦ લકઝરી બસ, ૨૯૩ ફોરવ્હીલ ગાડીના કાફલા સાથે જિલ્લાભરમાંથી પાટીદારોનો સમુહ તા.૨૫-ના રોજ યોજાનાર પાટીદાર અનામત મહારેલીમાં ભાગ લેવા જશે તથા પોતાનું આગવુ બળ પ્રદાન કરીને પાટીદાર અનામતની માંગને પ્રબળ બનાવશે અમરેલી જિલ્લા પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા જિલ્લાભરના પાટીદારોને તા.૨૪ની મોડી રાતથીજ અમદાવાદ પહોચવાની જરૂરી સુચના તથા માગદર્શન અપાઇ ચુકયું છે તથા અમદાવાદના દરેક પાર્ટી પ્લોટમાં અમરેલીવાસીઓને એન્ટ્રીની તથા ચા-પાણી,નાસ્તો, જમવા તથા ફુડ પેકેટની વ્યવસ્થા કરવાપણ સુચના આપી દીધી છે. અમરેલી જિલ્લા પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનરશ્રી દિનેશ બાંભરોલીયા તથા હરેશ બાવીશીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા ભરમાંથી પાટીદારો અમદાવાદ મુકામે મહારેલીમાં સામેલ થવા જઇ રહયા છે ત્યારે સમગ્ર જિલ્લાના સંકલન અને સફળતા માટે લેઉવા પટેલ ચેરીટ્રેબલ ટ્રસ્ટ- અમરેલીના પ્રમુખ નંદલાલભાઇ ભડકણ, લાયન્સ કલબ ઓફ અમરેલીના પ્રમુખ જગદીશભાઇ તળાવીયા, પાટીદાર આગેવાન ચતુરભાઇ ખુંટ, શહેર સમિતિના સંયોજક ભુપત સાવલીયા, પરેશ પોકળ, વર્ષિલ સાવલીયા, કપિલ સતાસીયા, ભાવેશ પીપળીયા, એમ.આર.ઘાનાણી, ડી.કે.રૈયાણી, અશોકભાઇ સાવલીયા, બટુકભાઇ ગજેરા, બાબુભાઇ ચોવટીયા, એમ.કે.સાવલીયા, કાળુભાઇ રૈયાણી, કાળુભાઇ સુવાગીયા, મુળજીભાઇ પાનેલીયા, બાબુભાઇ બાબરીયા, ભીખાભાઇ કાબરીયા, નિમેષભાઇ બાંભરોલીયા તથા તમામ તાલુકાઓના કન્વીનરશ્રીઓ દ્વારા આખરી ઓપ અપાઇ ચુકયો છે.

## આંબરડી ગામે સિંહ યુગલે ગાયનું મારણ કર્યુ

આંબરડી,સાવરકુંડલાના આંબરડી ગામે સિંહ યુગલે ગાયનું મારણ કર્યુ હતું. રાત્રીના ૧૧ વાગ્યે ગામની નદીના પટ્ટમાં પટેલ રામજીભાઇ કરમસીભાઇ સુહાગીયાની ગાય રણમાંથી છુટી પડી ગઇ હોય અને તેની શોધખોળ ચાલતી હોય તે ગાયનું મારણ નદીના પટ્ટમાં રાત્રીના ૧૧ વાગ્યે સિંહ યુગલે કરતા સિંહની ત્રાડથી ગ્રામજનો જાગી ગયા હતા.

## ગારીયાધારના શિવેન્દ્ર નગરમાં ગટરના કામોમાં ભેદભાવ

ગારીયાધાર, ગારીયાધારના શિવેન્દ્રનગરમાં દલિત વિસ્તારમાં ગટરના કામ કરતા કોન્ટ્રાકટર દ્વારા ભેદભાવ રખાતો હોવાથી કામ છોડી દેવાતા બે વર્ષથી કામ ટલ્લે ચડયુ છે તે અંગે કલેકટરને રજુઆત કરવામાં આવી છે. આ પ્રશ્ને ઉકેલ લાવવા ગ્રામ પંચાયત સભ્ય હિરાભાઇ કરશનભાઇ ગોહિલે માંગણી ઉઠાવી છે.

## મોટી કુંકાવાવ ખાખીબાપુની જગ્યામાં શિવપુરાણ

મોટી કુંકાવાવ - કુંકાવાવમાં પ્રાચીન શ્રી ખાખીબાપુની જગ્યામાં શ્રાવણ માસ સુદ ૧ એકમ થી અમાસ સુધી દરરોજ સાંજના ૬/૭ વાગ્યા સુધી શ્રી મનોજભાઇ જોષી મધુર શૈલીમાં શિવ કથાનું રસપાન કરાવે છે. જેમા બહેનો તથા પુરૂષોની વિશાળ હાજરીમાં સતસંગ થાય છે. કુંકાવાવ શિવમય બની ગયેલ છે. તેમ અરવિંદભાઇ સોની, શશિકાંતભાઇ જોષીની યાદી મા જણાવેલ છે.

## ત્રાકુડાના ખુનની તપાસ સીઆઇડીને સોંપો

અમરેલી,ખાંભા તાલુકાના ત્રાકુડા ગામના વતની અને ભારતીય સમાજ સંઘ ખાંભાના પ્રમુખ નારણભાઇ ભીખાભાઇ સાગઠીયાએ એસપીને લેખિત રજુઆત કરી પરપ્રાંતિ મજુરના ખુન કેસની તપાસ સીઆઇડીને સોંપવા માંગણી કરી છે.

## વંડામાંથી મળેલ બાળકના મૃતદેહની અંતિવિધી

સાવરકુંડલા,સાવરકુંડલાના વંડા મેકડા માર્ગમાંથી તાજુ જન્મેલ મૃત બાળક મળી આવતા સાવરકુંડલા વિરદાદા જસરાજ સેનાના પ્રમુખ હિતેષભાઇ સરૈયા, ભરતભાઇ અટારા, લાલા પાંધી મનોજભાઇ વાળા, હાર્દિક અઢીયા, હાર્દિક ખીમાણીએ અંતિમવિધી કરી હતી.

## દહિડામાં ગામતળનું દબાણ ખુલ્લુ કરો

અમરેલી,અમરેલીના દહિડા ગ્રામપંચાયતના સદસ્ય અમરશીભાઇ અરજણભાઇ ધાધલે જિ.વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી ૧૯૭૧ માં નિમ થયેલ ગામતળનું દબાણ ખુલ્લુ કરવા માંગણી કરી છે. યોગ્ય નહિ થાય તો આત્મવિલોપણની ચિમકી ઉચ્ચારી છે.

## અમરેલીનાં ચિતલ રોડમાં ઠેર ઠેર ગંદકી : રોગચાળાનો ભય

**ગંદકી દુર કરવા મહિલા કોગ્રેસ પ્રમુખશ્રી હંસાબેન જોષીની પ્રચંડ માંગણી : આક્રોષ વ્યક્ત**

અમરેલી,અમરેલી શહેરમાં ચિતલ રોડ વિસ્તારમાં ઠેર-ઠેર ગંદકી થર જામી જતા અને સફાઇ નહી થતા નગરપાલીકા દ્વારા તાકીદે સફાઇ કરવામાં આવે તેવી માંગણી શહેર કોગ્રેસ મહિલા સમિતિના પ્રમુખશ્રી હંસાબેન જોષીએ માંગણી કરી છે.અમરેલીના ચિતલરોડ ઉપર શ્રીરંગ સોસાયટીમાં ઠેર- ઠેર ગંદા પાણીનો નિકાલ થતા અને પાલીકા દ્વારા પુરતી સફાઇ અને ગંદકી દુર કરવામાં નહી આવતા આ વિસ્તારમાં ઝાડા -ઉલટી , તાવ, ડેગ્યુ જેવો રોગચાળો ફેલાય તેવી દહેશત સાથે આ વિસ્તાર નગરપાલીકા તાકીદે ગંદકી સાફ કરાવે તેવી અંતમાં મહિલા કોગ્રેસ પ્રમુખશ્રી હંસાબેન જોષીએ માંગણી કરી છે.

## અમરેલી અંધશાળામાં મુકેશજીના દેશભકિતના ગીતોનો કાર્યક્રમ



અમરેલી,અમરેલી મુકામે અંધશાળામાં ૧૫ ઓગષ્ટના રોજ આઝાદી પર્વની ઉજવણી નિમીતે સંગીત તથા શેર-શાયરીનો કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં બગસરાના (વોઇસ ઓફ મુકેશ) વિનુભાઇ ભરખડા તથા શાયર સુલતાનભાઇ લોખંડવાલાએ પોતાની આગવી શૈલીમાં ગીતા તથા શાયરી પ્રસ્તુત કરેલ જેમાં વિનુભાઇએ કરાઓકે.ટ્રેડ ઉપર મુકેશજીનાં સુમધુર ગીતો પોતાના સ્વરમાં રજુ કરી અંધશાળાના વિદ્યાર્થીઓ તથા આમંત્રિત મહેમાનેને મંત્રમુગ્ધ કરેલ અને વિદ્યાર્થીઓએ ખુબ જ ભાવથી અને હ્રદયથી ગીતોને અને ગજલોને ખુબ દાદ આપી હતી. આ કાર્યક્રમમાં અમરેલીના ખ્યાતનામ કવી શ્રી હર્ષદભાઇ ચંદારાણા શ્રી હરજીવન દાફડાએ હાજર રહી પોતાની રચના રજુ કરી હતી. સવિસેસ બગસરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી પ્રકાશભાઇ રાણીંગાએ ખાસ હાજરી આપી હતી. ઉપરાંત અમરેલી વાંઝા જ્ઞાતિ સમાજના પ્રમુખ શ્રી ડો.મધુભાઇ ભરખડા કારોબારી સદસ્ય-રમણીકભાઇ ઇરોતર, જયંતિભાઇ વાદોતર, શૈલેષભાઇ ધર્મેન્દ્રશીકોતરા વાહોતર વિ. હાજરી આપેલ.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગૃહપતિ શ્રી રવજીભાઇ દાફડા તથા વિજયભાઇ સોઢાએ સુંદર રીતે કરેલ.આ કાર્યક્રમનું ખુબ જ સુંદર રીતે કવિશ્રી સુલતાનભાઇ લોખંડવાલા તથા અનુભાઇ ભરખડાએ કહેલ અને અંતમાં ગૃહપતિ શ્રી રવજીભાઇ દાફડાએ કાર્યક્રમના સહભાગી આમંત્રીતો તથા આર્થીક યોગદાન આપનાર તમામનનો આભાર માનેલ.

## મોટા ઝીઝુંડામાં બાકડા મુકાયા

સાવરકુંડલા,સાવરકુંડલા તાલુકાના મોટા ઝીઝુંડા ગામે સાંસદશ્રી નારણભાઇ કાછડીયા અને ધારાસભ્યશ્રી વઘાસીયાની ગ્રાન્ટમાંથી ૧૬ બાકડા મુકવામાં આવતા ગામના સરપંચ કેશુભાઇ સુહાગીયા, જે.કે.નિમાવત અને ધુધા મહારાજે આભાર માન્યો હતો.

## શ્રી મોદીને મારૂતિ કુરીયર દ્વારા વિનામુલ્યે રાખડી પહોંચાડાશે

અમરેલી,અમરેલીમાં મારૂતિ કુરીયર સર્વિસ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની રક્ષા માટે બહેનો દ્વારા મોકલવામાં આવતી રાખડી સંપુર્ણ નેટવર્ક દ્વારા વિનામુલ્યે બુકીંગ લેવામાં આવશે.

## અમરેલીમાં શિતળા સાતમની ઉજવણી



અમરેલી,અમરેલી શહેરમાં આજે શિતળા સાતમે જેશીંગપરામાં આવેલ શિતળા મંદિરે તેમજ શહેરમાં જુદા જુદા સ્થળોએ શીતલા માતાજીનું મહિલાઓ દ્વારા કુલેર, શ્રીફળ તેમજ માન્તાની આંખો ચડાવી શ્રધ્ધા પુર્વક પુજન કરેલ.

### વાહ કયા સીન હૈ..!



**ચૈતન્ય**

રાજુલાના વિપુલભાઇ અને પારૂલબહેન લહેરીનો લાડલો ચૈતન્ય આજે જન્મદિન ઉજવશે દાદા નટુભાઇ દાદી જસુમતીબેન અને કાકા જયેશભાઇ કાકી કિંતીબેન અને બહેન યશ્વી , મીત અને વૈભવનો ભઇલુ ચૈતન્ય આજે સૌને કેક ખવડાવશે તમે પણ આવજો

## મહુવામાં તુલસી જયંતિની ઉજવણી

મહુવામાં પ્રતિવર્ષ યોજાતા તુલશી જયંતિ ઉજવણી કાર્યક્રમ તા. ૨૧/૮ શુક્રવારના યોજાયો હતો. એવોર્ડથી સન્માનીત થનાર વિદ્વાનોની સંગોષ્ઠી યોજાઇ. પ્રતિવર્ષ તુલશી એવોર્ડ ઘોષીત થયા હતા. ચાલુ વર્ષથી આ પરંપરામાં વ્યાસ એવોર્ડ અને વાલમીકી એવોર્ડનો પણ સમાવેશ થયો છે. અયોધ્યાના જયકાંત શર્મા, શંકરપ્રસાદ વ્યાસ દ્વારા રામાયણ વિશે વકતત્વ આપેલ. નગીનદાસ સંઘવીએ પ્રાસાંગીક વ્યક્તત્વ આપેલ.આ પ્રસંગે પૂ.મોરારીબાપુએ એવોર્ડ સ્વીકારનાર મહાપુરૂષોની વંદના કરી. જણાવેલ કે તુલશીનો ગ્રંથ, ગ્રંથ નથી સદગ્રંથ છે. પ્રેમ ગ્રંથ છે, કરૂણા ગ્રંથ છે. રામચરિત માનસ મારા માટે સત્ય, પ્રેમ, કરૂણાની ત્રિવેણી છે. જેમાં હું સદૈવ સ્નાન કરૂ છું.

### ચલાલા પાલિકામાં કોંગ્રેસને ચેલેન્જ થાય તેવી સ્થિતી

## ચલાલા પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણી ઉપર સૌની મીટ

**ભાજપ કોંગ્રેસની વિકેટ ખેડવાના મુડમાં : કોંગ્રેસના શ્રી કાનાબાર જો બળવો થાય તો કડવો ડોઝ આપવા તૈયાર**

અમરેલી,

આગામી તા. ૨૪ મી ના રોજ જિલ્લાની ચાર પાલિકા પૈકી ચલાલા નગરપાલિકામાં પ્રમુખ - ઉપપ્રમુખની મુદત પુરી થતી હોય અને કોંગ્રેસના એક મહિલા સદસ્ય બળવો કરવાના મુડમાં હોય જેથી ભાજપ તેનો લાભ ઉઠાવે તેવી શકયતા છે પણ તેની સામે ગમે તેવા કપરા સંજોગમાં હિંમતથી લડી લેવા માટે જિ.કોંગ્રેસ પ્રમુખશ્રી પંકજ કાનાબારે ચલાલામાં ચુંટણી ટાણે કોઇ સળી ન થાય તેવી આગોતરી વ્યવસ્થા કરી છે અને જણાવ્યું છે કે, લોકોએ કોંગ્રેસને શાસન સોંપ્યું છે ત્યારે જો કોંગ્રેસની સાથે દગો થશે તો કોંગ્રેસ તો શિક્ષાત્મક પગલા લેશે જ પણ ચલાલાની જનતા પણ આવી સળી કરનારને માફ નહિ કરે તેમ જણાવ્યું છે.

## ચલાલામાં બાળકોને શિષ્યવૃતિ આપો

અમરેલી,

ચલાલા લોકહિતરક્ષક કમિટીના કન્વીનર બિચ્છુભાઇ માલાએ ચલાલા કુમાર પ્રા.પે સેન્ટર શાળાની ૧૯ ગામોની શાળાઓના છ થી આઠ ધોરણના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવા શિક્ષણવિભાગ ગાંધીનગર ડીડીઓને લેખિત રજુઆત કરી છે.

## ખાંભા તાલુકા ભાજપ સંગઠનમાં બે નવા ઉપપ્રમુખોની વરણી

**ઉપપ્રમુખ તરીકે શ્રી કોટીલા અને ચુડાસમાની વરણી**



અમરેલી,

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઇ સુખડીયાના માર્ગદર્શન હેઠળ અને તાલુકા ભાજપ પ્રમુખ નરેન્દ્રભાઇ ફીંડોળીયા દ્વારા ખાંભા તાલુકા ભાજપમાં ભાજપ સંગઠનના બે નવા ઉપપ્રમુખો તરીકે અશોકભાઇ કોટીલા (ત્રાકુડા) અને અશોકભાઇ ચુડાસમાની વરણી કરવામાં આવી છે. તેમ શૈલેષભાઇ પરમારની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

**ધારી**

મોઢ ચાર્તુવેદી ખીજડીયા સમવાય મોટા ઉજળા નિવાસી ભાઇશંકરભાઇ મોહનલાલ ત્રિવેદી ઉ.વ.૮૩ તે હિતેન્દ્રભાઇ તથા કિર્તીભાઇના પિતાજી તથા વસંતભાઇ ત્રિવેદીના કાકાનું તા. ૨૨ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૪ ને સોમવાર મોટા ઉજળા અને તા. ૨૭ એ ધારી મુકામે રાખેલ છે.

**ફતેગઢ**

ધારીના ફતેગઢ (નવાગામ) ના સ્વ. ડાયાભાઇ રામજીભાઇ દેવના પુત્રવધુ રમાબેન દવે તે હસમુખભાઇ ડાયાભાઇ દવેના પત્ની અને વાસુદેવભાઇ, જયદીપભાઇ, જીગુના માતશ્રી ગીરીશભાઇ, ગુણભાઇના ભાઇના ધર્મપત્નીનું તા.૨૨ ના રોજ અવસાન થયું છે. ઉતરક્રિયા ખીચા મુકામે રાખેલછે.

**જાળીયા**

જાળીયા નિવાસી લુહાર ચંદુભાઇ મોહાનભાઇ ડોડીયા ઉ.વ.તેઓ આનંદભાઇના પિતાજી અને સ્વ. હરસુખભાઇના નાનાભાઇ અને હકુભાઇ ડોડીયા મોટાભાઇનું તા. ૨૨ ના રોજ અવસાન થયું છે.

**અમરેલી**

મુળ લાઠી નિવાસી હાલ અમરેલી શ્રીમાળી વણિક સોની શાંતિલાલ જમનાદાસ ધોળકીયાના ધર્મપત્ની સવિતાબેન ઉ.વ.૭૪ તે મુકેશભાઇ, નિલેશભાઇના માતૃશ્રી ગુણવંતભાઇ અરવિંદભાઇ, પદ્રયુમન ભાઇના ભાભી તથા પ્રફુલાબેન અમદાવાદ, જયોતિબેન ,ગીતાબેન, માધવીબેનના માતૃશ્રી તથા રમણીકભાઇ મુળજીભાઇ ના દીકરી તથો રોમીલ, માધવ, વત્સલ, પ્રિયાંકના દાદીમાનું તા. ૨૨ ના રોજ અવસાન થયુંછે. સ્વ.ની પ્રાર્થના સભા તા. ૨૪ સોમવાર સાંજે ૪ થી ૬ સોની જ્ઞાતિ વાડી અમરેલી રાખેલ છે.

## ખાંભાની સરકારી હોસ્પીટલમાં તબીબ અને સ્ટાફ મુકવા માંગણી

**સોમવારથી પ્રતિક ઉપવાસ આંદોલનનો પ્રારંભ : આજે બેઠક**

ખાંભા,ખાંભા સરકાર હોસ્પીટલમાં ડોકટરને સ્ટાફની ઘટ બાબતે અવાર નવાર લેખિત મૌખિક રજુઆત કરવા છતા કોઇ પરિણામ ન આવતા સોમવારથી ઉપવાસ આંદોલનનોં પ્રારંભ થનાર છે. ખાંભામાં વર્ષોથી કરોડો ખર્ચે તૈયાર થયેલ. એસટી ડેપો શરૂ ન કરાતા ખાંભા આ બાબતે પણ લડત સમિતિની રચના કરી અને લડત સમિતિના તમામ હોદ્દેદારો અને યુવાનોન બેઠક માનકેશ્વર મંદિરે મળી હતી. જેમાં આગામી સોમવારથી ઉપવાસ આંદોલન શરૂ કરવાનું નક્કિ કરાયું છે. આ અંગે રવિવારે ગાંધી ચોકમાં ગ્રામજનોની હાજરીમાં જનરલ મિટીંગ પણ રાખવામાં આવી છે. તેમ રૂચિત મહેતાની યાદીમાં જણાવાયું છે.

## અમદાવાદમાં યોજાનાર પાટીદાર રેલીમાં વડિયામાંથી હજારો પાટીદારો હાજરી આપશે

**વડિયા વિસ્તારમાંથી ૫૦ જેટલી લકઝરી બસો અમદાવાદ ઉપડશે**

ખડખડ(વિરજીભાઇ સરસીયા),અમદાવાદ ખાતે આગામી તા. ૨૫ ઓગષ્ટના રોજ યોજાનાર પાટીદાર અનામત રેલીમાં અમરેલી જિલ્લામાંથી હજારોની સંખ્યામાં પાટીદારો ઉમટશે જેમાં વડિયા તાલુકામાંથી પણ ૫૦ જેટલી લકઝરી બસો દ્વારા અનામત રેલીમાં ભાગ લેવા જશે. વડિયા તાલુકા પાટીદાર સમિતિના કન્વીનર ધર્મેન્દ્રભાઇ પાનસુરીયા અને તેની ટીમના યુવાનોની જહેમતથી તા. ૨૪ ના રોજ સાંજે ચાર કલાકે વડિયા વિસ્તારમાંથી ૫૦ લકઝરી બસો અમદાવાદ રવાના થશે. તેમ તાલુકા સહ કન્વીનર દિલીપભાઇ, રાજુભાઇ જોગાણી, મનિષભાઇ હિરપરા, મનિષભાઇની યાદીમાં જણાવાયુંછે.

પહેલા પાનાનું

### પંડિત દિનદયાળ

આવશે. સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ શ્રી ડી.કે.પટેલ દ્વારા આ ઉપવનને સ્વર્ગ જેવું બનાવવામાં આવ્યું છે. આવતિ કાલ તા. ૨૪ ના રોજ યોજનારા આ કાર્યક્રમમાં સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, ધારાસભ્યશ્રી વી.વી.વઘાસીયા, યુનિ.ફાયનાન્સ બોર્ડના ચેરમેન શ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્યશ્રી બાવકુભાઇ ઉંઘાડ ઉપસ્થિત રહેશે. અને બાદમાં સાવરકુંડલા શહેરના ૪૦ જેટલા વિવિધ રસ્તાઓનું ખાતમર્હુત અને ભૂમિપુજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સા.કુંડલાના નગરજનોએ ઉપસ્થિત રહેવા પાલિકા પ્રમુખ ડી.કે.પટેલની યાદીમાં જણાવાયું છે.

## સાવરકુંડલામાં ખ્વાજા ગરીબે નવાઝની છઠ્ઠી શરીફ ઉજવાઇ



સાવરકુંડલા,સાવરકુંડલામાંસાવરકુંડલામાં ખ્વાજા ગરીબે નવાઝની છઠ્ઠી શરીફ કે.જી.એન.ગૃપ આઝાદ ચોક દ્વારા જ્ઞાતે મુસ્તુફા અને ન્યાજનો કાર્યક્રમ સુફી સંત સૈયદ દાદાબાપુ અને સાદાતે ઈકરામની હાજરી વચ્ચે ઉજવવામાં આવેલ. જેમાં મશહુર નાતખ્વા રીઝવાન ભુરાણી, મોહસીન બાવનકાએ નાતે મુસ્તુફાની મહેફીલમાં મુસ્લિમ બિરદારનો ડોલાવી દીધા. કાયર્ક્રમને સફળ બનાવવા પ્રમુખ અક્રમ કુરેશી, જુનેદ પોપટીયા, જુનેદ મામદાણી, આઝાદ મિત્ર મંડળ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

# ધારીમાં ઇકો સેન્સેટીવ ઝોન અંતર્ગત વેપારીઓને નોટીસો અપાઇ

**ધારી તાલુકાના વેપારીઓ વતી ધારાસભ્યશ્રી કોટડીયા જવાબ આપશે : નોટીસમાં તા. ૨૯ રક્ષાબંધન હોવાથી અન્ય તારીખની મુદત આપવા માંગણી કરાઇ**

ધારી,ધારી શહેર અને આસપાસના ૫૩ ગામમાં વનવિભાગ દ્વારા જાહેર કરાયેલા ઇકો સેન્સેટીવ ઝોન અંગે વેપારી અને કોમર્સીયલ એકમોના માલિકોને નોટીસો ફટકારવામાં આવતા ધારીના તમામ વેપારીઓ તથા કોમર્સીયલ ઓદ્યોગિક એકમો વતી સૌપ્રથમ વખત ધારાસભ્યશ્રી નલીનભાઇ કોટડીયા જવાબ આપશે.નોટીસમાં આગામી તા. ૨૯ કે જે દિવસે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર હોય અને જાહેર રજા હોવાથી મુદતમાં બીજી તારીખ ફાળવવા મામ.શ્રીને રજુઆત કરેલ છે. અને આ બાબતે મુખ્યમંત્રીને પણ રૂબરૂ રજુઆત કરેલછે. ઇકો સેન્સેટીવ ઝોન બાબતે સૌપ્રથમ વખત મામ. સમક્ષ ધારાસભ્યશ્રી નોટીસોનો જવાબ આપશે. તેમ ધારાસભ્યશ્રીના અંગત મદદનીશની યાદીમાં જણાવાયું છે.

### સૌરાષ્ટ્ર પ્રદેશ પ્રાચિન સમયથી વિશેષ મહત્વ ધરાવે છે ભગવાનશ્રી કૃષ્ણ પણ મથુરાથી સૌરાષ્ટ્રમાં આવેલા અહી તમામ કોમ લડાયક છે

# પટેલ-ક્ષત્રિયો આગળ આવે; અલગ સૌરાષ્ટ્ર માંગે : દ.શ્રી મેરામ વાળા

**અલગ સૌરાષ્ટ્ર માંગો અમરેલી રાજધાની બનાવો: શ્રી દિલીપ સંઘાણીને મુખ્યમંત્રી બનાવો બીજા નાના વિસ્તારોને અલગ રાજયનો દરજજો મળે તો સૌરાષ્ટ્રને કેમ નહિ? સૌરાષ્ટ્ર માટે અલગ જ વિચાર**

**સૌરાષ્ટ્ર બે હજાર વર્ષથી સ્કોટલેન્ડની માફક અલગ રહ્યું છે તેને ગુજરાત સાથે બીજી કોઇ લેવાદેવા નથી : બગસરાના રાજવી પરિવારના દરબાદ શ્રીમેરામ વાળા ભાયાવાળાનું સાફ-સાફ મંતવ્ય**

અમરેલી,

૧૯૬૦ મહાગુજરાત રાજયની સ્થાપના થઈ હતી. પણ સૌરાષ્ટ્ર પ્રદેશ પ્રાચીન સમયથી સૌરાષ્ટ્ર સોરઠ અને આનર્ત તરીકે જાણીતો હતો. ભગવાન શ્રી કૃષ્ણ મથુરાથી દ્રારકા આવેલ. સોમનાથ પણ સૌરાષ્ટ્રમાં છે.દિલહી, અમદાવાદના સોલંકી રાજાઓ બાદ મુસ્લમાન સુલતાનો, સતત કાયમ સ્કોટલેન્ડ તરીકે ૨૦૦૦ વર્ષથી અલગ રહયું છે.અમારે અને ગુજરાતને કાંઈ લેવાદેવા નથી સૌરાષ્ટ્રમાં કાયમ નાના દરબારો લડયા છે, સોલંકી ભાગી ગયા છે.

બધા મુસલમાનો સીપાઈ લડયા છે. કોઈ પાછા પગ ભર્યા નથી. અમારી કિંમત થતી નથી. અમારૂ સ્વમાન ભંગ થાય છે. તેથી અલગ સૌરાષ્ટ્રનું રાજ થવું જોઈએ. જો તામીલનાડુ થાય અને બીજા નાના રાજયો થાય તો સૌરાષ્ટ્ર કેમ નો થાય? અમરેલી રાજધાની તરીકે થઈ શકે અને હાલ મુખ્યમંત્રી નીચે સૌરાષ્ટ્રની પુરી જવાબદારી શ્રી દિલીપભાઈ સંઘાણી લઈ શકે છે. અમારો દિલીપભાઈ સંઘાણીને પુરો ટેકો છે. મહાગુજરાત ક્ષત્રિય સંઘના અનુક્રમે અમોએ મહાગુજરાત ક્ષત્રિય સંઘના ઉપક્રમે અમારા આગેવાન શ્રી હરિસિંહજી ગોહિલ, ગાંગડના શ્રીઠાકોર, બળવતસિંહ વાઘેલા અને અન્ય આગેવાનોએ અમદાવાદમાં ૩ર ખટારા લઈ અમે ગયા હતા અને સાબરમતી નદીએ અખીલ ભારત ક્ષત્રિય સમાજનું સંમેલન કર્યુ હતુ. તે વખતે મુખ્યમંત્રી બાબુભાઈ પટેલ હતા. તેઓનું વલણ ક્ષત્રિય સમાજ વિરુધ્ધ જણાતા આ સંમેલન યોજવું પડેલ.

અખીલ ભારત રાજયોના બધા રાજપુતો અમદાવાદ આવ્યા હતા. આ રીતે અમદાવાદમાં વિશાળ સંમેલન ક્ષત્રીય, પટેલ સમાજે યાજવુ જોઈએ અને સૌરાષ્ટ્રનું અલગ રાજ અંગે કરવું જ પડશે. ગુજરાત અને સૌરાષ્ટ્ર દરેક રીતે અલગ છે. અહીની બધી કોમ લડાયક છે. તેથી અલગ રાજથી બધુ થઈ શકે તેમ છે.

## સાવરકુંડલાનો એસટી ડેપો બન્યો રેઢીયાળ ઢોરનો ડબ્બો; સમગ્ર ડેપોમાં ગંદકી, વોચમેનની બેદરકારી




સાવરકુંડલા,

સાવરકુંડલાના એસ.ટી.ડેપોમાં ઠેર-ઠેર ગંદકી જોવા મળી રહી છે.આથી અહિયા આવતા જતા પેસેન્જરોને આ ગંદકીની દુર્ગંધ તથા મચ્છરોનો ત્રાસ સેહવો પડતો હોય છે. તથા એસ.ટી. ડેપોની અંદર રેઢીયાળ ઢોર પણ બહુ હાવાથી લોકોને બસની રાહ જોતો બેસવાની બદલે માલઢોર જ બેસી જાય છેતથા સમગ્ર ડેપોની અંદર બાકડા તથા ખુરશીઓ ગાય તથા બકરાના ગોબરથી ગંદા જોવા મળી રહે છે. આ એસ.ટી.ડેપોમાં પ્રાણીઓ ન આવે તથા પેસેન્જરોની સુરષા માટે વોચમેન રાખવામાં આવે છે.પણ અધિકારી સાથે સારા સબંધ હોવાથી વોચમેન નોકરીએ આવતો જ નથી અને ડેપોમાં ગંદકી તથા માલ-ઢોર અંદર પ્રવેશી જાય છે. અને ચારે તરફ ગંદકી ફેલાવે છે બધી જ ગંદકી હોવાથી લોકોને બસની રાહ જોવા માટે બેસવાની તથા ઉભા રહેવાની પણ તકલીફ થાય છે. આમ અમરેલી જીલ્લા વિભાગીય નિયામક દ્વારા જો સાવરકુંડલા એસ.ટી.ડેપોનું સરપ્રાઈઝ ચેંકીગ કરવામાં આવે તો આવી બધી ગંદકી અને ઢોરની તકલીફ દુર થાય તેમ છે.

## લીલીયા પીજીવીસીએલ દ્વારા લોકદરબાર યોજાયો

**લોકદરબાર કાર્યક્રમમાં પી.જી.વી.સી.એલના ઉચ્ચ અધિકારીઓ તથા અમરેલી, લીલીયા તાલૂકાના કીસાન સંઘના હોદેદારોની ઉપસ્થિતિ**




તસવીર- અશોક વિરાણી

લીલીયા,

લીલીયા પી.જી.વી.સી.એલ દ્વારા લોકદરબાર યોજવામાં આવેલ. આ લોકદરબારમાં પી.જી.વી.સી.એલ અમરેલી અધિક્ષક લાખાણી તથા કાર્યપાલક પાંભર તથા ભારતીય કિસાન સંઘના જીલ્લામંત્રી વસંતભાઈ ભંડેરી, જીલ્લા ઉપપ્રમુખ સામતભાઈ જેબલીયા, લીલીયા તાલુકાના પ્રમુખ પ્રફુલભાઈ ગજેરા, મંત્રી અલ્પેશભાઈ શિરોયા, પુર્વ પ્રમુખ રમેશભાઈ ભાલાળા ખેડુત અગ્રણી કાળુભાઈ ગજેરા તથા તાલુકાભરમાંથી ખેડુતો ઉપતિ રહયા હતા અને પી.જી.વી.સી.એલનાં લગત પ્રશ્નો રજુ કરવામાં આવેલ.

જેનો અધિકારી ગણ દ્વારા સંતોષકારક ઉકેલ લાવવામાં આવેલ અને અધિકારી ગણ તરફથી ખડુતોને પુરતો પાવર મળી રહે તે માટે ઘટતુ કરવાની ખાત્રી આપવામાં આવેલનું અશોકભાઈ વિરાણીની યાદી જણાવે છે.

## ગરણી નજીક બિરાજતા ગરણેશ્વર મહાદેવ

રાણપર (નરેશ દેસાણી),

ગરણી નજીક સ્વયંભુ ગરણેશ્વર મહાદેવ બિરાજી રહ્યા છે. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ગરણી પાનસડા બંને ગામની સરહદરૂપે બિરાજતા શંભુ ગરણેશ્વર મહાદેવ પ્રાગટય કથા એવી છે કે, અહિં સો સોની મહાજનની ગાય ધણમાંથી અલગ થઈ ભગવાન ઉપર દુધનો અભિષેક કાયમી થઈ જતો એટલે ગાયના માલિકે ગોવાળીયાને ઠપકો આપેલ કે તું મારી ગાયનું દુધ ચોરી લે છે. આ વાત સાંભળી કાયમીની જેમ રાબેતા મુજબ ટેકરી ઉપર ગાય ઉભી રહે અને ત્યા ભગવાન ઉપર અભિષેક થતો. આ અંગે ગૌવાળે ગામમાં જઈ ગામ લોકોને વાત કરેલ



અને લોકોએ ખોદકામ કરેલ. તો ત્યાં ભગવાન સ્વયંભુ રૂપે પ્રગટ થયા આ મંદિરમાં ગૌસ્વામિ પરિવાર ૧૫ પેઢીથી સેવા પુજા કરે છે. પૌરાણીક કથા મુજબ પાંડુઓ અહિ વિચરણ કરી ગયેલ અને માતા કુંતાને તેમ લાગેલુ ત્યારે કર્ણએ અહિ બાણ મારી ગંગાજી પ્રગટ કરેલ. જે તે સમયે કર્ણભદ્રા નદીનું પ્રાગટય થયેલ. જેને ગામઠી ભાષામાં કર્ણુકી નદી કહે છે. અહિ કુદરતી વાતાવરણ વચ્ચે રાષ્ટ્રીય પક્ષી મોર ૩૦૦ જેટલા વસવાટ કરે છે. તેમજ મંદિર દ્વારા ચણ નાખવામાં આવે છે અને સુરક્ષા પુરી પાડવામાં આવે છે. આ સ્થાને શ્રાવણ માસમાં શિવભક્તો ભજન - ધુન પુજન અને ભોજન કરવા આવે છે. નાની સાતમ આઠમે તેમજ જન્માષ્ટમીએ અહિયા મેળો ભરાય છે.

## કુંકાવાવનાં અમરાપુરમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી





અમરાપુર,

શ્રી બી.જે.દોશી હાઈસ્કૂલ અમરાપુરમાં પ્રભાતફેરી તથા બ્યુગલો દ્વારા આઝાદીનાં સંદેશ ફેલાવી સરપંચશ્રી જેઠાભાઈ પટોળીયાનાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. પ્રા.શાળાનાં અને હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો, વક્તવ્યો, નાટકો દ્વારા ભવ્ય રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. શાળાનાં આચાર્યશ્રી આર.વી. વિસાવળીયાએ દેશ માટે પોતાનાં જીવનની આહુતી આપનાર શહિદોને લાખ લાખ સહ રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવા પર ભાર મુકેલ.શાળાનાં ધો.૯થી ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને સુરતનાં બિલ્ડર્સ શ્રી હિંમતભાઈ સોરઠિયા તરફથી રૂા.૩૫૦૦૦/-ના ચાંદીનાં મેડલ, માવજીબાપા ભીમાણી તરફથી રૂા.૧૦૦૦૦/-ના ઈનામો, નંદલાલ ગેવરિયા તરફથી રૂા.૧૦૦૦૦/-ના ઈનામો. ડૉ.ભરતભાઈ સોનીગ્રા તરફથી કાંડા ઘડિયાળો, રામભાઈ અકબરી તરફથી રૂા.૫૫૦/- તરફથી નોટબુકો અને પેન આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. ગ્રામપંચાયત દ્વારા મો મીઠા કરાવવામાં આવેલ.

મુંબઈ સ્થિત ઉદ્યોગપતિ શ્રી ભરતભાઈ દોશી તરફથી શાળાનાં તમામ ૭૦૦ વિદ્યાર્થીઓને ભોજન કરાવવામાં આવેલ. આ પ્રસંગે ગામનાં સરપંચશ્રી જેઠાભાઈ પટોળિયા, તાલુકા પંચાયત સદસ્ય સુખાભાઈ વાળા, કોલેજનાં પ્રિન્સીપાલ કલ્પેશભાઈ સોરઠિયા, વિવિધ ક્ષેત્રનાં આગેવાનો તથા વિળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શાળાની બે વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલ તેમ શાળાનાં આચાર્યની યાદી જણાવે છે.

### કંપની સમાચાર

## સ્પીયરહોટની આક્રમક વૃધ્ધિનું લક્ષ્યાંક

વિવિધ દશકાઓથી તેની પ્રોડકટ કેટેગરીઓમાં બજાર નેતૃત્વ ધરાવતી અને કવોલીટી પ્રોડકટસ માટે જાણીતી એવી સ્પીયરહોટે વિવિધ નવી હોમ સોલ્યુશન પ્રોડકટસની રજુઆત કરી છે. આ રજુઆતનો હેતુ તે જે કેટેગરી સૌથી માનનીય બ્રાન્ડ બનાવવાનો છે. તેમાં સૌથી વધુ માનીતી કન્ઝયુમર બ્રાન્ડ બનવાનો છે.

૧૯૩૦માં શરૂ થયેલી સ્પીયરહોટ પ્રથમ બ્રાન્ડ છે, કે જેણે ભારતમાં ઈલેકટ્રીક વોટર હીટર્સના ઉત્પાદનની શરૂઆત કરી હતી. સ્પીયરહોટ એપ્લાયન્સ ઉધોગમાં ઘણી પ્રથમ રજુઆતનું પણ શ્રેય ધરાવે છે, જેમાં ગેસ વોટર હીટર્સ, લાઈટ ઈલેકટ્રીક ઈસ્ત્રીઓ અનેઅન્ય એપ્લાયન્સીસનો સમાવેશ થાય છે.દોશી પરીવારનાં સમૃધ્ધ વારસાને આગળ ધપાવવા પરિવારની ત્રીજી પેઢીએ ટોર્ક જુથ અને અનુભવી રોકાણકાર શ્રી પ્રણવ પરીખ સાથેજોડાણ કર્યુ છે. સ્પીયરહોટ બ્રાન્ડ ૮૫ વર્ષનો સમુધ્ધ વારસો ધરાવે છે. સ્પીયરહોટ તેની નાવિન્યપુર્ણતા પ્રદાન કરી ઉચ્ચ ગુણવતાસભર અને બેસ્ટ ઈન કલાસ હોમ સોલ્યુશન્સ પુરા પાડવાની જવાબદારી સભર આફટર સેલ્સ સર્વિસ ગ્રાહકોને હંમેશા પુરા પાડવાની ફિલુસુફી સાથે આકમક વૃદ્ધિનો લક્ષ્યાંક ધરાવે છે.

## બાબરાના ટ્રાફિક પ્રશ્ને નવ નિયુક્ત ફોજદારને રજુઆત કરતા આગેવાનો

**બુધવારી પુલ, મેઇન બહાર અને વિવિધ માર્ગોની ટ્રાફીક સમસ્યા હલ કરવા માંગ : રાહદારીઓમાં વ્યાપેલ રોષ**

બાબરા,બાબરા શહેરના ટ્રાફીક પ્રશ્ને નવ નિયુક્ત પીએસઆઈ શ્રી વાઢેર સમક્ષ બાબરાના આગેવાનોએ રજુઆત કરી છે.લેખિત રજુઆતમાં જણાવ્યા પ્રમાણે બાબરામાં બુધવારી પુલથી મેઈન બજાર, હવેલી શેરી, દરબારગઢ શેરી, ખાખરીયા ચોરો, ખડીયા પા શેરી મુખ્યમાર્ગો તેમજ હવેલી, મેલડી માતાજી મંદિર, મોમાઈ માતાજી મંદિર, સામુદ્રી માતાજી મંદિર, જૈન દેરાસર ઉપાશ્રય જે માર્ગોમાં આવેલા છે. ત્યા માર્ગમાં આડેધડ વાહનોનું પાર્કીગ થતા ટ્રાફીક જામ થાય છે. ઉપરાંત લારીઓ આડેધડ ઉભી રહેતા રાહદારીઓએ મહિલાઓને પસાર થવું મુશ્કેલ બને છે. ટ્રાફીક સમસ્યા હલરવા જયેશભાઈ પાટડીયા, ધર્મેશભાઈ પોપટ, ધનશ્યામભાઈ આસોદરીયા, રૂસીભાઈ રૂપારેલીયા, મનોજભાઈ જસાણી, મહેશભાઈ મહેતા, વિશાલ રૂપારેલીયા, વિ.એ રજુઆત કરી છે. સાથો સાથ નવનિયુક્ત પીએસઆઈ વાઢેર ટ્રાફીક પ્રશ્ને કેવા કડક પગલા ભરશે તે તરફ જનતાની મીટ મંડાઈ છે.

## બાબરાના વલારડીમાં પુ.જીવરામબાપુની તિથી ઉજવાશે

**૨૨મી નિર્વાણતિથી નિમીતે પુજનવીધી,બટુક ભોજન,સંતવાણી કાર્યક્રમ યોજાશે**

ચમારડી,બાબરા તાલુકાના વલારડીમાં સંત જીવરામબાપુની ૨૨મી નિર્વાણતિથી તા.૨૪ને સોમવારે ઉજવાશે.૨૨મી નિર્વાણતિથી નિમિતે બટુક ભોજન,પુજનવીધી,પ્રસાદમાં પુ.શેરનાથ બાપુ(જુનાગઢ), મણીરામબાપુ (રાજકોટ) સંતો મહંતો ઉપસ્થિત રહેશે. રાત્રીના સંતવાણી કાર્યક્રમમાં ગુલાબગીરીબાપુ, મુકેશભાઈ, મહીરગીરી જમાવટ કરશે તેમ પરેશભાઈ રાઠોડની યાદીમાં જણાવાયુ છે.

## રાજકોટ શહેરના કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ તરીકે સુખાભાઇ

વડિયા,રાજકોટ શહેરના કાઠી ક્ષત્રિય સમાજ પ્રમુખ અંગે વિવાદ થતા આગેવાનોની બેઠક મળી હતી. જેમાં ચર્ચા કરી હતી રાજકોટના શહેરના પ્રમુખ સુખાભાઈ રૂખડભાઈ વાળા છે અને પ્રમુખ તરીકે ચાલુ છે. તેની સમાજે નોંધ લેવા પ્રમુખ પ્રતાપભાઈ વરૂ અને એમ.ડી.માંજરીયાએ જણાવ્યું છે.



### કુંકાવાવ એનએમ શેઠ કુમાર વિધાલયનું ગૌરવ

કુંકાવાવ,તાજેતરમાં કુંકાવાવ તાલુકા કક્ષાની કબડ્ડી હરીફાઈ યોજાતા એનએમ શેઠ કુમાર વિદ્યાલયના અંડર ૧૯ ભાઈઓની ગૃપ મેચમાં ફાયનલમાં વિજય પ્રાપ્ત કરતા શાળાનું નામ રોશન કરેલ છે. અને સ્પર્ધામાં કૌશિક કુનડીયા, ભૌતિક કુનડીયા, સમીર વ્યાસ દ્વારા શ્રેષ્ઠ પ્રદર્શન કરેલ. આ સિદ્ધીને શાળાના આચાર્ય મેહુલભાઈ સુખડીયા, વ્યાયામ શિક્ષક એચ.એમ. દવેએ બિરદાવેલછે.

## રાજુલા તાલુકા કક્ષાએ યોજાનાર યુવક મહોત્સવની એન્ટ્રી મંગાવાઇ

રાજુલા, આથી રાજુલા તાલુકાની તમામ શૈક્ષણિક, બિનશૈક્ષણિક સંસ્થાઓ અને યુવકમહોત્સવમાં ભાગ લેવા માંગતા સ્પર્ધકોની એન્ટ્રીઓ મંગાવવામાં આવે છે.આ સ્પર્ધામાં ૧૫ વર્ષથી ૩૫ વષર સુધીના તમામ સ્પર્ધકો ભાગ લઈ શકશે. માતૃશ્રી એલ.કે.કે.ગોસ્વામી હાઈસ્કુલ વાવેરા તથા મામલતદાર કચેરી રાજુલાના સંયુકત ઉપક્રમે આ યુવામહોતસવ યોજાનાર છે.એન્ટ્રી મોકલવાની છેલ્લી તારીખ ૨-૯-૨૦૧૫ રહેશે, એન્ટ્રી મોકલવાનું સરનામુ-માતૃશ્રી એલ.કે.કે ગોસ્વામી હાઈસ્કુલ-વાવેરા તા.રાજુલા જી.અમરેલી છે, એન્ટ્રી નિયત નમુનાપત્રકમાં મોકલવાની રહેશે. સમય મર્યાદા બાદ આવેલ એન્ટ્રીઓ રદ ગણાશે જેની સર્વે લાગતા વળગતાઓએ નોંધ લેવી.આ યુવા મહોત્સવ તારીખ ૯-૯-૨૦૧૫ બુધવારનાં રોજ યોજાનાર છે.સૌજન્યસ્થળ-શ્રીટી.જે.બી.એસ કનયા વિધાલય રાજુલા રહેશે. સૌજન્ય શુભેચ્છક : શ્રીજોરૂભાઈ ખાચર, આચાર્યશ્રી ટી.જે.બીએસ કનયા વિધાલય-રાજુલા, શ્રી ડી.એમ.જોષી આચાર્યશ્રી માતૃશ્રી એલકેકેગોસ્વામી હાઈસ્કુલ-વાવેરા

## રાજુલા પંથકમાં એક જ રાતમાં પાંચ ગામડામાં સિંહો ત્રાટકયા

**૧૧ પશુના મારણથી ગામોમાં અફડાતડફી : લોકો ગામની શાળા ઉપર ચડી ગયા**





રાજુલા,

રાજુલા જાફરાબાદ પંથકના સિંહો હવે ખેતરોમાં મારણ ન મળતા હોવાથી ગામની બજારોમાં ઘુસી જાય છે. ગઈ રાત્રિના એક જ રાતમાં પાંચ ગામડામાં રીતસરનો આંતક મચાવી દીધો હતો. રાજુલા તાલુકાના પાંચ ગામડા ૧૧ પશુના મારણ કર્યા જેમા જુની બાર પટોળીમાં વસ્તાભાઈ ભોળાભાઈ ભરવાડ ના બે ગાયો, બે વાછરડા , એક વાછરડી અને નવા આગરીયામા અને એક રેઢીયાર વાછરડી મોટા આગરીયામાં બે વાછરડી અને લોકપુરમાં ની બજારમા એક રેઢીયાર ગાયનું મારણ કરાયું હતું અને સાવરકુંડલા તાલુકાના થોરડી ગામના બસ સ્ટેન્ડ પાસે ૧ પશુનું મારણ કરાયું હતું આમ કુલ એક રાતમાં ૧૧ પશુનો શિકાર કરતા ખેડુતોનો જીવ તાળવે ચોટી ગયો હતો. બીજી તરફ મોટા આગરીયા ગામમાં બે દિવસથી સિંહોનું ટોળુ રાત્રી ના ૧૨ વાગે આટલે ગામમા ઘુસી જાય છે. વળી ગામની બજારોમા પણ આંટા મારીને ગામના પાદરમા અડીંગો જમાવે છે. લોકો જોવા માટે ગામની શાળા ઉપર બેટરીઓ લઈને બેસે છે. તો કોઈ પોતાની દીવાલો ઉપર ચડી જાય છે. કેમકે સમી સાંજ થી આ ગામની બાજુમાં આવેલા ખેડુતો સુધી સિંહો આવી જાય છે. ગામના લોકો સિંહોના ડરથી વહેલી દુકાનો બંધ કરી ને જમીને બેટરી હાથમાં લઈને આગોતરૂ આયોજન કરે છે. ૧૨ વાગે એટલે સિંહોનું ટોળુ ગામમા રીતસરનુ પોલીસની જેમ પેટ્રોલીંગ કરે છે. બે દિવસથી આખુ ગામ અહિ જાગે છે. અને લોકોમક ભારે ફફડાટ જોવા મળે છે. ત્યાર બાદ આ સિંહો નવા આગરીયામાં આંટા મારીયા અને ને એક પશુનું મારણ કરી દીધું હતું અને વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ થોરડીના બસસ્ટેન્ડ નું નાજુક એક પશુનું મારણ કરી દીધું હતું. અને જુની થોરડીમાં ત્રણથી વધુ સિંહોના ટોળા જોવા મળે છે. ઘેટા બકરામા અફડા તડફી મચી ગઈ હતી. ઘેટા બકરા, ગાયો સિંહોને જોઈને રીતસર માણસને જેમ રાડો ફાડતા હતા પંરતુ આ તો જંગલનો રાજા આને કોણ ના પાડે અને ભારે અફડા તડફી વચ્ચે પાંચ પશુને ચોકની બાર રીતસર પડી દીધા હતા. ગામમા પણ ભારે ફફડાટ વયાપી ગયો હતો. અને તેવી જ રીતે લોકપુર ગામમા ઘુસી એક રેઢીયાર ગાયનું મારણ અને ગાયને બચકા ભરીને મારી નાખી હતી. તેમ આજે સિંહોએ જાણે આંતક મચાવી દેતા ખેડુતો ફફડી ગયા હતા. ઘટનાને પગલે વનજવભાગના ડેરભાઈ, પઠાણભાઈ, સારલાભાઈ, સહીત ફોરેસ્ટરો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. અને વન વિભાગ એ તપાસ હાથ ધરી હતી.

